# દૃષ્ટિકોણ બદલાય તો
## તમારી દુનિયા બદલાઈ જાય

**- કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)**

કબીરજી કહે છે,

**બુરા દેખન મૈ ચલા, બુરા ના મિલા કોઈ,**
**જો મન ખોજા અપના, મુજ સે બુરાના કોઈ**

આ સુંદર સૃષ્ટિ અને એનું નયનરમ્ય અને આહ્‌લાદક ચિત્ર તથા પ્રકૃતિના અનેક રંગ એ ભગવાનની માનવજાત અને પ્રાણીઓને એક મોટી દેન છે. પરંતુ આ દુનિયા અને પ્રકૃતિ કેટલી સુંદર છે એ જોનારની આંખો પર આધારિત છે એટલે કે જોનારના ઈરાદા અને એના મન પર આધારિત હોય છે. મનુષ્યનું શરીર અને એનું મન હંમેશા જોડાયેલું રહે છે. મનની શરીર પર અને શરીરની મન પર અસર સતત થતી હોય છે. જેવું આપણું મન એવું જ આપણું શરીર.

વેદો અને શાસ્ત્રોમાં એ સ્પષ્ટ અને સિદ્ધ કરવામાં આવ્યું છે કે આખા સંસારની ગતિવિધીનું નિર્માણ મન દ્વારા જ થાય છે. એટલે એવું કહી શકાય કે શરીર અને મન એ એક સિક્કાની બે બાજુ જેવા છે.

જેવી દૃષ્ટિ તેની સૃષ્ટિ. એટલે કે જેવા હોઈએ તેવી જ આ દુનિયા આપણને લાગે છે. જો આપણો અભિગમ કે દ્રષ્ટિકોણ સકારાત્મક દેખાશે ને જો આપણો અભિગમ કે દ્રષ્ટિકોણ નકારાત્મક હશે તો આપણને આ દુનિયામાં કશું જ સારું કે સકારાત્મક નહીં જ દેખાય. જેવી આપણી ભાવના, ઈચ્છા, વાસના અથવા કલ્પના હોય તે જ પ્રમાણે આપણને શરીર મળે છે. આપણી બહારની દુનિયા એ આપણો પડછાયો માત્ર છે.

જો આપણી આંખોના ચશ્મા પર ધૂળ જામેલી હોય તો આપણી નજરોમાં આખી દુનિયા ધૂંધળી જ દેખાય. જેવા ચશ્માનો કલર, એ જ રંગની દુનિયા દેખાય. કોઈ વ્યક્તિ નકારાત્મક રીતે જોશે તો કોઈ એને હકારાત્મક રીતે. કોઈને પ્યાલો અર્ધો ભરેલો દેખાય તો એ જ પ્યાલો કોઈને અર્ધો ખાલી દેખાશે.

મહારભારત કાળની કથા છે, કે જ્યારે દ્રોણાચાર્ય, દુર્યોધન અને યુધિષ્ઠિર બન્નેની પરીક્ષા લે છે, ત્યારે બન્નેને વારાફરતી બોલાવીને પરીક્ષા કરે છે કે નગરમાં જાઓ અને કોઈ સારા માણસને શોધી લાવો. દુર્યોધનને કોઈ સારો માણસ જડયો નહિ અને યુધિષ્ઠિરને કોઈ ખરાબ માણસ ન મળ્યો. ત્યારે ગુરુ દ્રોણાચાર્યએ કહ્યું કે, આપણો જોવાનો દ્રષ્ટિકોણ જેવો હોય તેવું જ વિશ્વ આપણને દેખાય. વાત નજરના દ્રષ્ટિકોણની છે. જો આપણો દ્રષ્ટિકોણ સાફ હોય અને સકારાત્મક હોય તો જીવનની દિશા જ બદલાઈ જાય છે.

ભગવાને દુનિયાને આંખ આપી છે પરંતુ આંખથી માણસ કેવું જુએ છે તે મહત્વનું છે. સારું તથા ખરાબ જોઈ શકે છે. તેથી માણસે શ્રેષ્ઠ દ્રષ્ટિ કેળવવી જોઈએ. ગ્રહણ કરીએ છીએ સારું કે ખરાબ તેના ઉપર સુખ અને દુઃખ મળે છે. પરિસ્થિતી ને પોઝિટીવ જોવાથી સુખી થઈ


MENTCO
Experience - Reliability - Value
MENTCO MANUFACTURING PVT.LTD
(AS9100:2016 D & ISO 9001:2015)
We are a contract manufacturer, importer, and distributor with a specialization in –


We are known for our High-Quality Manufacturing, Responsive Customer Service, Skilled Professionals, and Timely Delivery.
We serve industry like – Oil & Gas, Semiconductor, Aerospace/ Aviation etc.
Mentco Manufacturing Private Limited
Apple Industrial HUB, Phase 2, Survey No 215/216, Plot No 7, Palghar Maharashtra, India.
Phone Nos.: +91-9989819633
E-mail: sales@mentcomanufacturing.com / saurabh.mehta@mentco.com

યુનિવર્સલ સ્પીરીચ્યુઅલ અપલીફ્ટમેન્ટ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

આપ સૌને ભજન સંધ્યામાં તરબોળ થવાં ભાવભીનું આમંત્રણ આપે છે.

હે પ્રભુ! સ્મરૂ જ્યારે ભક્તિભાવથી તારું નામ,
ત્યારે ઓગાળી દેજે અહંકારી વિચારોનું ધામ...
અર્પણથી સમર્પણમાં તરાવજે મનને,
જેથી ઝીલી શકાય તારી પ્રકાશિત પ્રીતને...



ભગવત્ સ્વરૂપ શ્રી સુરેશ કોઠારી પ્રેરિત,
- જ્ઞાન-ભક્તિનું આયોજન -

# પ્રીત-પ્રકાશ-ગતિ

**૧૫ ડિસેમ્બર ૨૦૨૪, રવિવારે,**
**સાંજે ૫:૩૦ થી ૭:૩૦**
**પ્રેમપુરી આશ્રમ, ત્રીજે માળે, ચોપાટી, મુંબઈ - ૪૦૦૦૦૭**

આ કાર્યક્રમ નિઃશુલ્ક છે. સૌને સમયસર પધારવા નમ્ર વિનંતિ છે.

શકાય છે. બાકી ગમે તેટલું તમારી પાસે હશે પણ શ્રેષ્ઠ દ્રષ્ટિકોણ નહીં હોય તો તમે દુઃખી જ રહેશો.

ક્યારેય કોઈનું ખરાબ જોતા નહીં, કોઈનું ખરાબ વિચારતા નહીં, કોઈનું ખરાબ સાંભળતા નહીં અને કોઈને ખરાબ બોલવા દેતા નહીં. વ્યક્તિ કોઈના અવગુણ, અપરાધ કે નિંદાની વાત કરે તો એને એ અટકાવવા અને ખોટા માર્ગેથી પાછા વાળવા. ટૂંકમાં માત્ર સચ્ચાઈ અને સહાનુભૂતિનું રાજ્ય છે. તેમાંજ પોતાનું હિત છે.

જેમ હંસ હોય છે તે પણ પાણીમાંથી પાશેર દૂધને જુદું પાડીને ગ્રહણ કરી લે છે. તેમ આપણે જે સારું હોય તે જોવાની દ્રષ્ટિ કેળવવી જોઈએ. એક વસ્તુ નિશ્ચિત છે કે ભાગ્ય પ્રમાણે ભોગવે જ છૂટકો. એક વિધાતા જ હોય છે કે, જે કોઈને કાંઈ એક સરખુ આપતું નથી. દરેક વ્યક્તિએ તેના લખેલા લેખ મુજબ જ ભોગવવાનું હોય છે. એટલે ભાગ્ય પ્રમાણે દરેકે ભોગવવું પડતું હોય છે. યોગ્ય છે કે ભાગ્ય એ સોંપેલા કાર્ય તો તરત જ અને ચીવટપૂર્વક થવા જોઈએ. કાર્ય કરવું આપણા હાથમાં છે પણ તેનું ફળ આપણા હાથમાં નથી. દશેરાને દિવસે રાવણ બાળવામાં આવે છે. જે હકીકતમાં રાવણમાં રહેલા દુર્ગુણો અને અંહકાર બાળવામાં આવે છે. ખૂબ જ બુદ્ધિશાળી હોવા છતાં અંદરનો અહંકાર મારવો ખૂબ જ મહત્વનો છે. જ્યારે અંતઃકરણ શુદ્ધ થાય ત્યારે જ પરિવર્તન આવી શકે છે.

ટૂંકમાં જે વ્યક્તિ વગર વિચારે, જોયા વિના, પહોંચ કરતા વધુ ખર્ચ કરે છે, જેને કોઈનું રક્ષણ નથી છતાંય લડાઈ-ઝઘડા કર્યા કરે અને બધા જ ક્ષેત્રોમાં ચંચુપાત કરવા, ઉતાવળો એ મનુષ્ય જલ્દી નાશ પામે છે. આ ભારતનાં મહાન વિચારક ચાણક્યનાં નીતિ-વિચારક સૂત્ર છે. જે સંસારમંથનમાંથી પ્રાપ્ત થયેલ મોતી છે. જે માનવજાત-સમાજ-રાજ્યનીતિ-વ્યવહારની કુશળતાની સત્યતા અને સિદ્ધાંત છે. ***




AUTHORISED DISTRIBUTOR
ABB
TEKNIC
ESSEN
socomec
Innovative Power Solutions
ELMEASURE
Possibilities...Infinite
elmex
SCI
ABB
elmex
ESSEN
ELMEASURE
socomec
SCI
TEKNIC
R.K. Engineering Pvt. Ltd.
( Formerly known as R. K. Trading Co. )
www.rkepl.co.in
Corporate Office:
Gala No. 36, Bldg No.3, Mittal Industrial Estate,
Andheri Kurla Road, Andheri (East), Mumbai - 400059
Tel.: 022- 4229 0033/35/36
Registered Office:
B/24, Sujal Mansion, Bhangwadi,
Kalbadevi Road, Mumbai - 400002.
Tel.: 022-39567219 / 40103663
Mobile: 98200 45111 / 98205 97149 / 9820140077
Email: dhrutan@gmail.com | kalpesh18189@gmail.com | sasadhsa@gmail.com | sales@rkepl.co.in

# સાત શબ્દની ગોઠવણી - ગુઢાર્થ

- ડૉ. કુમુદ પ્રમોદ ધારીઆ

સાત અથવા તેર અક્ષરની જોડણીને 'હાયકુ' કહેવાય છે. આ એક જાપાનીસ કળા છે જેમાં સાત અથવા તેર અક્ષરોનો પ્રયોગ જરૂરી છે. સાત અક્ષરની ગોઠવણીમાં બે અક્ષર, ત્રણ અક્ષર અને ફરી બે અક્ષર એમ ગોઠવાય છે. સામાન્ય લાગતી આ ગોઠવણી ઘણી અઘરી છે કારણે કે વ્યવસ્થિત ગોઠવાયેલા, લખાયેલા ફક્ત સાત શબ્દો જેમાં જીવનનો મર્મ ગોઠવાઈ જાય છે. માનનીય લેખક શ્રી ઉમાશંકર જોષીના 'બા' ના અવસાન બાદ એમના દ્વારા રચાયેલા 'હાયકુ' મમળાવીએ.

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
|---|---|---|---|---|
| **જીવન - મૃત્યુ** | **જન્મ મૃત્યુનાં** | **ઘર છોડીને** | **અમ પરિવારનાં** | **હેતથી જોડાયેલી** |
| **એટલે ખુરશી પરથી** | **વહેતી ગંગાના નીર** | **નહીં જનારા આજ** | **આંસુઓ લૂછવા છોડયો** | **તારી મારી ક્ષણો** |
| **દિવાલ પર** | **સપના સલૂણા** | **દુનિયા છોડે** | **સફેદ રૂમાલ** | **થઈ વેરણ** |

સૃષ્ટિના રચયિતા દ્વારા રચાયેલા મનુષ્યના જીવનની આ યાત્રાનો સારાંશ : ફક્ત સાત શબ્દોમાં સપ્તર્ષિ એટલે કે સાત મહાન ઋષિઓના પ્રતિકરૂપી સાત તારલાઓનાં જૂથમાં વાંજીત્રોના સપ્તસૂર, સપ્તસ્વરમાં અને સપ્તપદી સાથે ક્યાંક ને ક્યાંક જોડાયેલા છે. આવી જ રીતે નાના-નાના વાક્યો અને કાવ્યો ઘણું સચોટ અને ધારદાર હૃદયને તથા બુદ્ધિને ઝણઝણાટી જાય છે.

ઘણી વખત મને વિચાર આવે કે, માનનીય સમર્થ લેખકો, કવિઓ, ચિત્રકાર, સંગીતકાર ન હોય તો ઉત્તમ કૃતિઓથી આપણે વંચિત રહી જાત. અક્ષરોથી શબ્દો રચાયા. શબ્દોનાં અર્થ સમજાયા. શબ્દો અને અર્થનાં સહયોગથી સ્મરણીય ગીતો રચાયા. સૂર તેમજ વાજીંત્રોનાં સંયોગથી અંતરંગમાં રહેલી પ્રસન્નતાનાં સ્મિત મંદિર પરની ધજાની જેમ આપણાં ચહેરા પર લહેરાયા. સાત શબ્દોની રચનાનો ગુઢાર્થ મનુષ્ય જીવનનાં પ્રત્યેક ક્ષેત્ર સાથે ગુંથાયેલો છે. શબ્દોનાં અર્થની આચમનની ઈશ્વરને ધરાયેલા પ્રસાદ જેવી હોય જો 'અર્થ' હકારાત્મક ભાવથી સમજાય. કોઈપણ શબ્દોનો ખરો અર્થ લેવાનું કામ આપણાં વિચારોનું જ છે. આપણું મન, મનમાં ચોવીસ કલાક ચાલતા વિચારો મનુષ્યને ધારે તો સ્વર્ગની અને ન ધારે તો પણ નર્કની યાત્રા આસાનીથી કરાવી શકે. કોઈ બિસ્તરા-પોટલાની જરૂર નહિં. જરૂર ફક્ત કરેલા કર્મોની કદાચ એટલે ઈશ્વર તત્વએ મનુષ્યને ઉંઘની ભેટ આપી હશે. જેથી ઉંઘમાં તો આખરે સૃષ્ટિનાં સોહામણા સર્જનને માણી શકે. થોડીક ક્ષણો માટે વિચારોની નિવૃત્તિ પ્રાપ્ત થઈ શકે. ખુલ્લા નીલ ગગન તળે મહેકતા સુંદર રંગીન ફુલડાઓ, પતંગીયાઓ, ચહેકતા પંખીઓ ને વહેતા ઝરણાંઓને બે ઘડી પ્રેમ કરી શકે. પંખીઓનાં કલરવનાં ગુંજનનું સંગીત માણી શકે. બગીચાનાં બાંકડે બેસી સૃષ્ટિનું સૌંદર્ય માણી શકે. વરસતા વરસાદમાં રચાયેલા મેઘધનુષનાં સપ્ત રંગોથી સાક્ષાત 'દેવી-મા' એ જાણે નભ ને રંગોથી શણગાર કર્યાં હોય એ પ્રતિતી થાય. આ બધા સાક્ષાત દ્રશ્યો નિખારીને મનનો મોરલો કળા કરંતા મોરલાની જેમ થનગની ઉઠે. આજ તો છે માનવ મનનાં વિચારોનું કામ. વિચારોની કેળવણી. અર્થનો અનર્થ કદાપી નહિં એ કેળવણી. અનર્થ ને બહુ એટલે ના વાગોળાય કારણ કે શબ્દોની સાથે ભાવ તો હોય જ. તો ભાવને પકડવાની કોશિષ હોય.




Scarlet & Teal STUDIO

# WE'RE A GRAPHIC DESIGN STUDIO

We specialise in Branding, Social Media, Event Graphics and Editorial Design, all tailored to meet your brand's unique needs.

PREVIOUSLY WORKED WITH

KALAAI

SaffronStays

ruchoks®

SKINDULGE

## WHAT WE DO

- LOGO DESIGN
- BRAND IDENTITY DEVELOPMENT
- PACKAGING DESIGN
- CATALOGUE, BROCHURES & FLYERS
- SOCIAL MEDIA MANAGEMENT
- PHOTOGRAPHY & VIDEOGRAPHY
- WEDDING & BIRTHDAY INVITES

## CONTACT US

**SANA PARIKH**
D/o Sachiv & Shruti Parikh

**TVESHA SHAH**
D/o Nimish & Manisha Shah

+91 98330 23373
design@scarletandtealstudio.com
www.scarletandtealstudio.com
@scarletandtealstudio

કેળવાયેલું મન અનર્થ ન પણ અર્થમાં પલટાવી મનને સૃષ્ટિની ખૂબસુરતી માણવા લલચાવી શકે. વાણી તેમ જ શબ્દોનાં ગુઢાર્થ ને સમજવા વિચારો જ સર્વે - સર્વા છે. જેટલા ઓછા શબ્દો એટલા ઓછા વાદ વિવાદો. સાત શબ્દોની ગોઠવણીથી વાતનો સારાંશ જણાવી શકાય તો વધારે શબ્દો શા માટે ? અનર્થના ઉદ્વેગ શા માટે ? ઈશ્વરે મનુષ્યને જન્મ આપ્યો છે સૃષ્ટિનાં સર્જનને માણવા નહિં કે જીવનના બિસ્તરાનો વિંટો વાળી માળિયામાં ઉંડે ધકેલવા. અરે મનુષ્યએ તો નવરાશની સાત પળોમાં સમુદ્ર કિનારે ઉછળતા મોજાઓનાં તરંગોના સપ્તસૂર જાણે મનને આનંદની અણમોલ ભેટ આપતા હોય એવો આભાસ માણવાનો હોય. જેમ લેખન-કળા આપણાં મનને તલ્લીન કરી શકે એવી રીતે મનુષ્યની વાણીના ધ્વનિ તરંગો એટલા જ મનને તરબોળ કરી શકે. ગીતની રચના અને ગાયકના ભાવ નીતરતી સાત અક્ષરોની સરગમ, ધરતી પણ જાણે સ્વર્ગ. સ્વર્ગમાં જાણે વિશ્વશાંતિ. વિચારોમાં જાણે 'સાઈલેન્સ ઝોન', 'મન તડપત હરિ દર્શન કો આજ'. નવાઈ લાગે છે કે મનને વિશ્વશાંતિની પવિત્રતાની ભેટ ફક્ત વાજીંત્રોનાં સપ્તસૂરમાંથી પ્રાપ્ત થઈ શકે. આંખ બિડાયેલી હોય અને બાંસુરીના સપ્તસૂર રેલાતા હોય. શાસ્ત્રીય કલાકારોનાં કંઠથી આલાપ ગવાતા હોય અને જાણે કુદરતને મૌન વાણીથી નિમંત્રણ આપતાં હોય. 'ચંદ્રકકણક' ના કણકને લઈને હે સુખ તમે અવતરો. તેથી જ મહત્વની વાત તો એ જ મનાય કે શબ્દોની ગોઠવણીથી જ આપણને વ્યક્ત કરે છે અને આ શબ્દો જ આપણને અવ્યક્ત રાખે છે. સાત શબ્દો, સાત સૂર, સાત અક્ષરોની સરગમમાં એક અજાણ્યો સાર છે જે સમજવા માટે સૂરમાં આલાપતી વાંસલડીથી હૈયું ઘેલુ બની જાય ને હૈયું બોલી ઉઠે, હે દેહમાં બિરાજમાન આત્મન વાણી, વર્તન અને વિચારોને શબ્દોનો ખરો અર્થ સમજાય તો 'હે સમર્થ ઈશ્વર તારા દર્શન પમાય'. શબ્દોને મતભેદ કરાવે છે તો સમાધાન પણ કરાવે છે. પરંતુ મતભેદ અને સમાધાનનો સંબંધ કટુતા સાથે પ્રેમથી જોડાયેલો હોય છે. પ્રેમ નિતરતા હાવભાવ કટુ શબ્દોનાં ભાવને આછા કરી શકે છે. સ્નેહની ભિનાશ અને પ્રેમ નિતરતું હૃદય મનને હળવાશ આપી શકે છે.

એવી જ રીતે શાસ્ત્રો આપણી લગ્ન પ્રથાને સપ્તપદી શબ્દથી જાણે છે. શાસ્ત્રીય જ્ઞાન કહે છે પતિ-પત્નીના સંબંધો પ્રેમની ઉષ્માથી યુક્ત, ભાવની ભીનાશથી ભરેલા, વિશ્વાસપૂર્ણ અને સંશયથી પરે હોવા જોઈએ. સંસારના આ બધાં જ મધુર ભાવોથી સંસાર સુંદર લાગે. આનંદમાં દિવસો વીતે. 'ધન્યો ગૃહાસ્થાશ્રમ' બની રહે. સાત પગલાં સાથે ચાલવાથી સ્ત્રી-પુરુષમાં મૈત્રી થાય છે એવું શાસ્ત્રવચન છે. 'પ્રાહુ:સપ્તપદં મૈત્રં બુધાઃ તત્વાર્થદાસીનઃ !' સ્નેહ થકી મૈત્રી બંધાતી, ચાલી પગલાં સાત. સ્નેહશૂન્ય છે સાવ નકામો જીનનનો સંગાથ. વિવાહ સંસ્કારમાં તેથી જ સપ્તપદીનું આગવું મહત્વ છે. વર-કન્યા સાત પ્રતિજ્ઞા લે છે. એમાં ધર્માચરણની મહત્વની પ્રતિજ્ઞા છે. એક બીજાના તન, મન, ધનથી સમર્પિત રહેવાની પ્રતિજ્ઞા છે. સૂર્ય સાથે પૃથ્વી બંધાયેલી છે પણ ગાંઠ વગર. પૃથ્વી સાથે ચંદ્ર બંધાયેલો છે તે પણ ગાંઠ વગર. આશક્તિ વગરનો લગ્ન સંબંધનો પ્રેમ આવો હોય. સપ્તપદીની આ પરિભાષા છે. વર-વધુ દ્વારા લેવાતી સાત પ્રતિજ્ઞા.

બધું કોઈ અકળ લીલાને કારણે અવિરામપણે ચાલતું રહે છે. આપણે તો સાત શબ્દોની, સાત સ્વરોની, સાત સરગમની, ઈન્દ્રધનુષના સાત રંગોની અને સપ્તપદીની લીલા મન ભરીને માણીએ અને વિશ્વમાં વ્યાપ્ત એવા પરમ સંવાદને સંકોરનારા પરમ તત્વને વંદન કરીએ.

કવિતાને તો મનની માતૃભાષા કહેવામાં આવે છે. કવિતાનાં સોનેરી શબ્દો મળતા હોય છે મૌનમાં, કુદરતના સાનિધ્યમાં. એને વધાવી લઈએ મૌનમાં. રચીએ સપ્ત સ્વરમાં. સપ્ત સ્વરમાંથી સ્પત સૂરમાં અને સપ્તસૂરમાંથી ઈશ્વરની સપ્તરંગી સ્વરૂપની પ્રાર્થનામાં.

X✱✱

# V.B.R. ELECT. & ENGG. CO.

Ground Floor Inside, 27/33, Ismail Building, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400002
Tel.: 2208 7739 • TF : *7724 • Mob. : 98192 17375 • 79774 73064
Email : shivamkadakia71@gmail.com

## AUTHORISED DISTRIBUTORS

**Use 'APAR ANUSHAKTI' E-BEAM enriched PREMIUM House Wire to avoid FIRE, Heat Resistance upto 105°C temperature.**

APAR
Tomorrow's solutions today

FSAI
Fire & Security Association of India

## L&T Electrical & Automation

enGem | entice | englaze | ORIS

WOODEN METAL & GLASS PLATES FULL RANGE AVAILABLE.

VTPN DB | TPN Double Door | MCB | MCB | RCBO | RCCB

## TATA POWER EZ HOME AUTOMATION

WARRANTY : 2 YEARS

5A SWITCH
CONTROLS 2 ELECTRICAL POINTS

16A SWITCH
CONTROLS 1 HIGH LOAD ELECTRICAL POINT

FAN SWITCH & REGULATOR
CONTROLS 1 FAN

PIR MOTION SENSOR

SMART PLUG
CONTROLS APPLIANCES

3 GANG 2 WAY 16A CONVERTOR
CONVERTS 3 CONVENTIONAL SWITCHES TO SMART SWITCHES

## KEW SWITCHGEARS

Upto 200 Amps — Switch Fuse
Upto 600 Amps — Fuse Switch
Upto 1000 Amps — Busbar Chamber
Upto 3150 Amps — Onload Changeover
Upto 630 Amps — ATS

# કોર્પોરેટ સેક્ટરનું સત્ય

- પ્રશાંત સુરેશચંદ્ર પરીખ

જંગલમાં સિંહે એક ફેકટરી ચાલુ કરી.

એમાં વર્કર માટે પાંચ કીડી હતી જે સમયસર આવીને પોતાનું બધુ કામ ઈમાનદારીથી કરતી.

સિંહનો બિઝનેસ બરાબર ચાલતો હતો. એમાં સિંહને મનમાં થયું કે પાંચ કીડી જો આટલું સરસ કામ કરે છે તો એને કોઈ એક્ષપર્ટની દેખરેખમાં રાખું તો વધારે સારું કામ કરશે.

એણે એક ભમરાને પ્રોડકશન મેનેજર તરીકે રાખ્યો. ભમરાને કામનો અનુભવ હતો અને રીપોર્ટ લખવામાં પણ એક્ષપર્ટ હતો. ભમરાએ સિંહને કહ્યું કે,'સૌથી પહેલા આપણે કીડીઓનું વર્ક શેડ્યુલ બનાવવું પડશે પછી એનો રેકોર્ડ પ્રોપરલી રાખવા માટે મારે એક સેક્રેટરીની જરૂર પડશે.'

સિંહે મધમાખીને સેક્રેટરી તરીકે રાખી લીધી.

સિંહને મધમાખીનું કામ ગમ્યું અને કહ્યુ કે, 'કીડીઓનું અત્યાર સુધીના કમ્પ્લીટ કાર્યનો રીપોર્ટ અને પ્રોગ્રેસ ગ્રાફ રજૂ કરો.'

મધમાખીએ કહ્યું ઠીક છે, એના માટે મારે એક કોમ્પ્યુટર, લેઝર પ્રિન્ટર અને પ્રોજેક્ટર જોઈશે.

સિંહે એક કોમ્પ્યુટર ડીપાર્ટમેન્ટ જ બનાવી આપ્યો અને એના હેડ તરીકે બિલાડીની નિમણૂંક કરી દીધી.

હવે કીડીઓ કામને બદલે રીપોર્ટ પર વધારે ધ્યાન આપવા લાગી. એના લીધે એનું કામ અને પ્રોડકશન ઓછું થવા લાગ્યું.

સિંહને લાગ્યું કે હજી એક ટેકનિકલ એક્ષપર્ટ રાખવો પડશે જે બધા ઉપર દેખરેખ ને સલાહ આપી શકે.

એટલે વાંદરાને એક્ષપર્ટ તરીકે રાખી લીધો.

હવે ફેકટરીમાં જે કામ સોંપવામાં આવતું તેમાં કીડીઓ ડર અને રીપોર્ટને લીધે પૂરું ના કરી શકતી. ફેકટરી નુકશાનમાં ચાલવા લાગી.

સિંહે એક નફા-નુકશાનના માસ્ટર ડીગ્રીવાળા શિયાળને નુકશાનના કારણ માટે બોલાવ્યો...

ત્રણ મહિના પછી શિયાળે રીપોર્ટ સિંહને આપ્યો કે ફેકટરીમાં વર્કરની સંખ્યા વધારે છે માટે એને છૂટા કરવામાં આવે.

હવે કોને કાઢવા છેલ્લે બધાએ નક્કી કર્યું કે કીડીઓને રજા આપવામાં આવે.

મોટા ભાગના સેક્ટરમાં આવું જ ચાલે છે. જે મહેનત ને ઈમાનદારીથી ઓછા પગારમાં કામ કરે છે એનું શોષણ કે હેરાનગતિ થાય છે અને જે મોટા મોટા ઓફિસરો બેઠા બેઠા મોટા પગાર ખાય છે તે જલસા કરે છે... ! ! આ વાત ઘણી જગ્યાએ લાગુ પડે છે.

X X X

શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)
SANKALP ASTROLOGIST CONSULTANT
JYOTIRVID (MUMBAI)
જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ
(મૂડેતી - અમદાવાદ)


જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨
Email : bhattgopal59@gmail.com

# બિશ્નોઇ સમાજ અને તેમના રીત-રિવાજ

- નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

**ઉન્નતિસ ધર્મ કી અખાડી, હિરદૈ ધરિયો આનંદ.**
**જામ્ભોજી કિરપા કરી, નામ બિશ્નોઈ હોય.**

રાજસ્થાનની સ્થાનિક ભાષામાં લખાયેલી આ કહેવત એક વ્રત છે. હિન્દીમાં તેનો અર્થ છે, 'જેઓ જંભેશ્વરના ૨૯ નિયમોનું દિલથી પાલન કરે છે તે બિશ્નોઈ છે.'

આ વ્રતમાં ૨૯ નિયમોનો ઉલ્લેખ છે અને 'બિશ્નોઈ' સમુદાયના લોકો તેમના ભગવાન સમક્ષ તેનું પાલન કરવાનું વચન આપે છે. આ નિયમો છે જેના માટે બિશ્નોઈ સમુદાયના લોકો તેના જીવનનું બલિદાન પણ આપતાં અચકાતા નથી.

ગુરુ જંભેશ્વરનો જન્મ રાજપૂત પરિવારમાં ૨૮ ઓગસ્ટ ૧૪૫૧ ના રોજ મધ્ય રાજસ્થાનના રજવાડા નાગૌરના નાના ગામ પીપાસરમાં ક્ષત્રિય લોહતજી પવારના ઘરે થયો હતો. જે સમયગાળામાં બાળકનો જન્મ થાય છે તેને ભક્તિકાલ કહેવામાં આવે છે. રાજપૂત પરિવારમાં જન્મેલા આ બાળકનું નામ ધનરાજ હતું પરંતુ તે શરૂઆતના ૭ વર્ષ સુધી કંઈ બોલી શક્યા નહીં તેથી તેના પરિવારના સભ્યો તેને 'મૂંગા ગળા' કહેવા લાગ્યા. બરાબર સાત વર્ષ પછી તેમણે બોલવાનું શરૂ કર્યું. આ પછી તેમનું આધ્યાત્મિક જીવન શરૂ થયું પછી તેમને એક નામ અને બિરુદ મળ્યું અને તેઓ ગુરુ જંભેશ્વર કહેવાયા. ૭ વર્ષની ઉંમરે તેમને ગાયો ચરાવવાનું કામ મળ્યું. જ્યારે તેઓ ૧૬ વર્ષના થયા ત્યારે તેઓ ગુરુ ગોરખનાથને મળ્યા. તેમની પાસેથી તેમણે જ્ઞાન મેળવ્યું હતું.

માતા-પિતાના અવસાન બાદ તેઓ નાગૌરથી બિકાનેર પહોંચ્યા. તેમના ઘરમાં ગુરુ જંભેશ્વર જ એક સંતાન હતા. જ્યાં સુધી તેમના માતા-પિતા જીવતા હતા ત્યાં સુધી તેમની સારી સેવા કરી. તેમના નિધન પછી ગુરુ જંભેશ્વર તેમની બધી સંપત્તિ છોડીને ભગવાનની ભક્તિમાં બિકાનેર ગયા. તેમણે મુકામ અહીં એક નાનકડા ગામમાં નાખ્યો અને લોકોની સેવા કરવાનું શરૂ કર્યું. તે સમયે રાજસ્થાનના ઘણાં વિસ્તારોમાં દુકાળ પડ્યો હતો. લોકો ઘર છોડીને હિજરત કરી રહ્યા હતાં. આખું મારવાડ દુકાળની ઝપેટમાં હતું. લોકો માલવા (મધ્ય પ્રદેશ) તરફ સ્થળાંતર કરી રહ્યાં હતાં. ત્યારે ગુરુ જંભેશ્વરે તેમને રોક્યા અને તેમને અનાજ અને પૈસાની મદદ કરી. આ દરમિયાન તેમણે લોકોને ધર્મના નામે ફેલાવવામાં આવતા દંભથી બચવાની સલાહ આપી. તેમજ તેમણે ધાર્મિક દંભ અને ધાર્મિક વિધીઓનો સખત વિરોધ કર્યો હતો.

'બિશ્નોઈ સંપ્રદાય' ની સ્થાપના ૧૪૮૫ માં થઈ હતી. લોકો ગુરુ જંભેશ્વરના વિચારોથી પ્રભાવિત થયા અને તેમની સાથે જોડાવા લાગ્યા. વર્ષ ૧૪૮૫ માં ૩૪ વર્ષની ઉંમરે તેમણે મુકામ નામના ગામમાં રેતીના મોટા ટેકરા પર હવન કર્યો, આ સ્થાનને સમરાથલ ધોરા કહેવામાં આવે છે. આ વિશાળ હવન દરમિયાન કલશની સ્થાપના કરીને એક સંપ્રદાયની શરૂઆત કરવામાં આવી હતી જેનું નામ 'બિશ્નોઈ' હતું. આ સંપ્રદાયમાં જોડાનાર પ્રથમ વ્યક્તિ પુલહોજી હતા. જે ગુરુ જંભેશ્વરના કાકા હતા. ગુરુ જંભેશ્વર બિશ્નોઈ સંપ્રદાયમાં જોડાતા લોકો માટે ૨૯ નિયમો બનાવ્યા હતા.

મારવાડની સ્થાનિક ભાષામાં 'બિસ' નો અર્થ '૨૦' અને 'નોઈ' નો અર્થ '૯' થાય છે. જ્યારે આમ આ બેનો સરવાળો બનીને ૨૯ થાય છે. ગુરુ જંભેશ્વરે તેમના અનુયાયીઓ માટે જે ૨૯ નિયમોની આચાર સંહિતા

SHREE BALASINOR NAVYUVAK SANGH 75 YEARS OF EXCELLENCE ESTD. : 1950 DIAMOND JUBILEE

બનાવી હતી તે નીચે મુજબ હતી. ૧૦ નિયમો પોતાની સુરક્ષા અને સ્વાસ્થ્ય માટે, ૯ નિયમો પ્રાણીઓના રક્ષણ માટે, ૭ નિયમો સમાજના રક્ષણ માટે અને ૪ નિયમો આધ્યાત્મિક ઉત્થાન માટે બનાવવામાં આવ્યા હતા.

ધીરે ધીરે 'બિશ્નોઈ સમાજ' વિસ્તર્યો અને પછી લોકો મોટી સંખ્યામાં આ સંપ્રદાયમાં જોડાવા લાગ્યા. આજે પણ આ સંપ્રદાયના લોકો ૨૯ નિયમોનું પાલન કરે છે. હાલમાં બિશ્નોઈ સંપ્રદાયના લોકો મુખ્યત્વે રાજસ્થાન, હરિયાણા, પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર, કર્ણાટક અને મધ્ય પ્રદેશમાં ફેલાયેલા છે. ભારત ઉપરાંત તે અફઘાનીસ્તાનના કાબુલ અને કંદહાર, પાકિસ્તાનના મુલતાન અને સિંધ સુધી વિસ્તર્યું હતું. પાછળથી પ્રચારના અભાવને કારણે ઘણા અનુયાયીઓ બિશ્નોઈ સંપ્રદાય છોડી ગયા. ભારતમાં બિશ્નોઈ સમુદાયના લોકોની સંખ્યા લગભગ ૧૩ લાખ છે. આમાંથી સૌથી વધુ ૯ લાખ રાજસ્થાનમાં છે અને હરિયાણામાં તે ૨ લાખની નજીક છે.

બિશ્નોઈ સમુદાય જીવન માનવતાની સેવા માટે સમર્પિત છે, અને ગુરુ જંભેશ્વરને પોતાના આદર માને છે. જ્યાં બિશ્નોઈ સમુદાયના લોકો રહે છે, ત્યાં કાળા હરણ જોવા મળે છે. ગુરુ જંભેશ્વરના ૨૯ સિધ્ધાંતોને અનુસરીને તેઓ તેમના જીવન કરતાં વધુ કાળા હરણને પ્રેમ કરે છે. સમાજની મહિલાઓ પણ હરણના બાળકને સ્તનપાન કરાવે છે. હરિયાણાના શિશવાલા ગામના બિશ્નોઈ સમુદાયના ખેડૂત તરોજી રાહદે અંગ્રેજોના જમાનામાં કાળા હરણનો શિકાર કરનાર અંગ્રેજ અધિકારીનો વિરોધ કર્યો હતો. તેઓ ભૂખ હડતાળ પર બેઠા અને પછી આ શિકાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. સમાજના કેટલાય લોકોએ બલિદાન પણ આપ્યા હતાં.

X✱✱


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**ઘરનું સરનામું**

: ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**



NIRAV
Photo Arts

• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND

Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776

304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

**C/o. શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, ૪૫/૪૯ બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨**

## આવ્યો રે મહા ઓચ્છવ

વાડાસિનોરના સમસ્ત દશાનીમા વૈષ્ણવો જોગ, જય જય શ્રી ગોકુલેશ

પ્રતિ વર્ષ મુજબ ચાલુ વર્ષે પણ ઉપરોક્ત ગોકુલેશ સમાજ આયોજીત તથા શ્રીમતી તારાબેન રમણલાલ મોદી (ચોધરી) પુરસ્કૃત પરમ પાવનકારી પર્વ શ્રી મહાઓચ્છવ મુંબઈમાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવશે. માગસર સુદ ૭ ને રવિવાર તા. ૦૮-૧૨-૨૦૨૪ ના શુભ દિને આ પાવન ઉત્સવનું આયોજન હાથ ધરાયેલ છે.

### ઉત્સવના મનોરથી

**આ ઉત્સવના મનોરથી બનવાનું સૌભાગ્ય**

**શ્રી પ્રશાંત સંદિપ કિર્તનલાલ મહેતા (ધરીવાળા) તથા તેમના સમસ્ત પરિવારને પ્રાપ્ત થયેલ છે.**

### કાર્યક્રમ

મનોરથીનાં નિવાસસ્થાન, ૧૫/૧૫૪ શુભમ રીહેબ, એ વીંગ, અમૃતવાડી, મુંબઈ - ૪૦૦૦૦૪ મુકામે સવારે ૯.૦૦ કલાકે સમાજ બેસશે અને પ્રભુના પ્રાકટ્યની વધાઈ, ધોળ, કિર્તન થશે. તેમજ સવારે ૧૧.૦૦ કલાકે સત્સંગ મંડળ, બી-૧૧૨, ૧ લે માળે, પ્લોટ નં. ૫૮૫, ૫૮૮ અને ૫૮૯, બી વિંગ, શુભમ રીહેબ, અમૃતવાડી, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪ થી કળશનો વરઘોડો નીકળી લાડવાડી, સી.પી. ટેન્ક જશે. સવારે ૧૨.૦૦ કલાકે ઉત્સવના પુરસ્કૃત દાતાનું તેમજ પ્રસંગના મનોરથીનું તેમજ તેમના કુટુંબીજનોનું સન્માન સમાજ તરફથી કરવામાં આવશે.

### ભાવભીનું આમંત્રણ

તે જ દિવસે બપોરના ૧૨.૦૦ કલાકે વાડાસિનોરના, મુંબઈમાં તેમજ પરામાં રહેતા
સર્વે દશાનીમા વૈષ્ણવોને સહકુટુંબ સહ પરિવાર પ્રસાદ ગ્રહણ હેતુ
લાડ વાડીમાં પધારવા અમારું ભાવભીનું આમંત્રણ છે.
તો આ દરેક પ્રસંગે આપ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રસંગને દીપાવશો.

**લી.**

**વાડાસિનોર ગોકુલેશ સમાજ વતી**

**પ્રમુખ - શ્રી મંજુલ શૈલેષકુમાર ધારીઆ (હેડમાસ્તર)**

**ઉપપ્રમુખ - શ્રી બિપીન કિર્તનલાલ દોશી**

**માનદ્ મંત્રીઓ - શ્રી જસ્મિન બિપીન શેઠ, શ્રી કિર્તી હીરાલાલ કડકીઆ તથા શ્રી ભૂપેન્દ્ર સુંદરલાલ કડકીઆ**

**સમસ્ત કારોબારી સમિતીના સભ્યો તથા**

**પ્રસંગના મનોરથી તેમજ પુરસ્કૃત દાતાના..... જય જય શ્રી ગોકુલેશ**

# શ્રી બાલાસિનોર વિદ્યામંડળ

## પ્રશંસનીય દાન

આપણી સંસ્થાને માતબર દાન નીચે જણાવેલ દરિયાદિલ દાતા પરિવાર તરફથી મળ્યું છે.

૧. શ્રી દિનેશભાઈ ચીમનલાલ પરીખ (રાઠોડિયા) પરિવાર તરફથી રૂા. ૫૧,૦૦૦/- (અંકે એકાવન હજાર પૂરા) નું માતબર દાન મળ્યું છે.

## બાલાસિનોર વિદ્યામંડળનું સૌજન્ય

બાલાસિનોર વિદ્યામંડળની કારોબારી સમિતીએ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. તે સમયે યુનિવર્સીટીના કુલપતિ શ્રી પ્રતાપસિંહજી સાહેબને મળેલા ત્યારે વાતચીતમાં તેઓએ જણાવેલ કે હાઈવે રોડથી યુનિવર્સીટીનું અંતર ૨ કિલોમીટરની અંદર છે. બસના સમય પછી વિદ્યાર્થીઓને અવર-જવર માટે ખૂબ મુશ્કેલી પડે છે. જો યુનિવર્સીટીમાં ઈ-રિક્ષા મળે તો વિદ્યાર્થીઓની સગવડતા સચવાઈ જાય. આ ચર્ચા વાર્ષિક સામાન્ય સભામાં થતાં સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું કે બાલાસિનોર વિદ્યામંડળ તરફથી એક ઈ-રિક્ષા આપવી. જે સંપૂર્ણ પેમેન્ટ કરીને ઈ-રિક્ષા ભેટ કરી છે.

વિદ્યામંડળના કારોબારી સભ્યશ્રી એ પણ સ્વૈચ્છીક રીતે પોતાના પરિવાર તરફથી સંપૂર્ણ પેમેન્ટ કરીને એક ઈ-રિક્ષા યુનિવર્સીટીને ભેટ આપી છે.

બાલાસિનોર તરફથી બે ઈ-રિક્ષાઓ યુનિવર્સીટીને ભેટ આપવામાં આવેલી છે.

સંસ્થાના સૌ કારોબારી સભ્યો જ્યોતિપુંજના જાહેર માધ્યમ દ્વારા દાતા પરિવારના જાહેરમાં આભાર વ્યક્ત કરતાં કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે, અને પરમ કૃપાળુ પરમાત્માને દાતા પરિવારના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના કરે છે.

**લિ. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતી વતી.**

## એક સ્ત્રી ભણે છે ત્યારે એક આખું કુટુંબ માનસિક અને આર્થિક રીતે સધ્ધર થાય છે.

મોદી સરકાર દ્વારા નર્સિંગ શિક્ષણને પ્રોત્સાહન આપવા ભારતમાં ૨૧ નવી કોલેજોની સ્થાપના કરવામાં આવેલ છે. આપણી બાલાસિનોરની કે.એમ.જી. હોસ્પિટલ દ્વારા આ દિશામાં પગલાંરૂપે બાલાસિનોર ખાતે નર્સિંગ કોલેજનું નવું મકાન ઉભુ કરવામાં આવી રહ્યું છે. સરકાર દ્વારા આપણને ૧૧૦ સીટો નર્સિંગ માટે ફાળવવામાં આવેલ છે. ૩ અને ૪ વર્ષના નર્સિંગ કોર્સ માટે લગભગ ૪૦૦ કન્યાઓ અભ્યાસ કરશે. ભણતર બાદ બાલાસિનોર અને આસપાસના ગામોની વિવિધ હોસ્પિટલોને તેઓની સેવાનો લાભ મળશે.

નવા નર્સિંગ કોલેજના નવા બિલ્ડીંગનું કામ શરૂ થઈ ચૂક્યું છે. આના ખર્ચ માટે રૂા. ૪ કરોડ દાતાઓ દ્વારા મેળવવામાં આવેલ છે પરંતુ હજુ ૩ કરોડની વધુ રકમની આવશ્યકતા છે. તો બાલાસિનોરના ઉદારદિલ દાતાઓને આ માટે અપીલ કરવામાં આવે છે.

શિક્ષણ અને માનવતાના આ કાર્યમાં સ્ત્રીઓને પગભર કરવાના આ અભિયાનમાં આપ સૌ સહકાર આપશો એવી અભ્યર્થના.

| મંત્રીઓ | ભંડોળ સમિતી અધ્યક્ષ |
|---|---|
| શ્રી પરેશ પરીખ - ૯૮૨૧૦૨૪૩૯૯ | શ્રી વ્રજેશ દેસાઈ - ૯૮૨૦૦૩૯૩૦૪ |
| શ્રી જતીન દેસાઈ - ૯૮૨૦૦૪૯૧૩૪ | |

## વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ક્રે.સો.લી.

સર્વે શેરધારક ભાઈઓ તથા બહેનો

૩૮મી વાર્ષિક સમાન્ય સભામાં ૫ % ડિવીડન્ડની ૨૦૨૩-૨૦૨૪ માટે મંજૂરી મળેલ હતી. તેના વાઉચરો ૧ ડિસેમ્બર ૨૦૨૪ થી કાર્યાલયની ઓફિસમાંથી ૧૨ થી ૪ ના સમય દરમ્યાન આપવામાં આવશે. તો મેળવી લેવા વિનંતી. છે અને તે વાઉચરમાં દરેક મેમ્બરે પોતાનો મોબાઈલ નંબર લખવાનો રહેશે.

જે શેર હોલ્ડરોને પોતાના શેરો વધુ લેવા હોય તો તેમને રૂપિયા ૫૦૦૦/- સુધીના કરી આપીશું.

**વ્યાજના દરો નીચે મુજબ છે**

**1. Fixed Deposit Interest**

| Period | Rate | Senior Citizen |
|---|---|---|
| 1 year Only | 7 % | 7.25 % |
| Up to 2 year | 7.10 % | 7.35 % |

**2. Recurring Deposit Interest**

| Period | Rate |
|---|---|
| 1 year to below 2 year | 7 % |
| 2 year to 3 years | 7.10 % |

**3. Loans**

| | |
|---|---|
| Housing Loan, House Repairing Education, Home Appliances Renovation & Business Loan | 9 % |
| Vehicle Loan | 9.50 % |

**વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ક્રે.સો.લી.**
**માનદ્ મંત્રીઓ - મંજુલ ધારીઆ, નિતીન ગાંધી**

**પ્રકીર્ણ વિભાગ**

### નવા સરનામા

- **જીજ્ઞેશ ધારીઆ**
  ૧૫૪, સહકાર નિવાસ, ૨૦, તારદેવ રોડ, મુંબઈ-૩૪

### મૃત્યુ નોંધ

- અજય પ્રવિણચંદ્ર મોદી ૫૯
- કિરણ બાબુલાલ મોદી ૭૯

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**


।। શ્રી વલ્લભ ।।

**શ્રી SHREEJI AROMA**

**પુષ્ટિમાર્ગ સુગંધ ઋતુ પ્રમાણે**

**ઉષ્ણકાલ (માર્ચ થી જુન)**
ગુલાબ, રુહ ગુલાબ, મોગરા, ખસ, જુઈ, ચંપા સોંધો, બોરસલી, વ્રજસૌરભ

**વર્ષાઋતુ (જુન થી ઓકટોબર)**
કદંબ, કેવડા, પાનડી, માટી, સોંધો

**શીતકાલ (ઓકટોબર થી જાન્યુઆરી)**
હીના, અંબર, કસ્તુરી, કેસર, સોંધો

**ફાગણ (ફેબ્રુઆરી થી માર્ચ)**
કેસર, સોંધો, ગુલાબ, વ્રજસૌરભ

**બારેમાસ ધરવા માટે**
ગુલાબ, મોગરા, સોંધો, વ્રજસૌરભ, બરાસ

**Rohitbhai : 9819627744**
138 ,Princess Street, Govind Building, Mumbai - 400002
Website : www.shreejiaroma.com
Email : info@shreejiaroma.com/sales@shreejiaroma.com



**દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)**

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા

**જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.**

**મો. – ૯૫૯૪૩૨૬૨૦૨**

PRABHAT WIRES LLP

Buy POLYCAB, Buy SAFETY

**AMRISH KACHARIA**
Mobile : +91 9769025153

# PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai-400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Email : sales@prbhatwires.in
Website : www.prabhatwires.in

Authorised Distributors :

## POLYCAB

IDEAS. CONNECTED.

CABLES & WIRES




## CABLES

Your connection to a brighter future.



- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES

Publishing day 20th of every month

40

JYOTI PUNJ - November - 2024

WPP License No. MR/TECH/WPP-147/South/2024-26
Regd.No.MCS / 050 / 2024-26
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections
BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH
RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty, Mumbai - 400 007. Contact: ☎ 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

Celebrating 25th Year

IES

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS
Your Indian Distribution Partner
Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE AVA AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO

ASHLY lumenradio Luminex CAPTURE PENTON DJPOWER

Concept · Design · Installation · Supply · Training · Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

To,

If not delivered please return to
JYOTI PUNJ
Shree Balasinor Navyuvak Sangh
118/120, Ardeshar Dadi Street, 2nd Floor,
V.P.Road, Mumbai - 400004.

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh & Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.